પાલનપુર પાલિકાએ દશ માસથી કલેકટરના હુકમને ઠેબે ચડાવ્યો હોવાની રાવ

# પાલનપુર પાલિકા ધ્વારા વસુલવામાં આવેલ બાંધકામ મંજુરી ફી તથા મકાન ટ્રાન્સફર ફી પરત કરવા માંગ

## પાલિકાનો ફી વધારાનો ઠરાવ મુળ અસરથી રદ કરતો કલેકટરનો હુકમ છતાં પ્રજાજનો પાસેથી ગેરકાયદેસર રીતે ભાવવધારો વસુલાતો હોવાની રજુઆત

પાલનપુર, તા. ૮

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા સતત વિવાદોના વમળમાં રહી અખબારોના પાને ચમકતી રહે છે. પાલનપુર નગરપાલિકાની ગતટર્મમાં પાલિકા ધ્વારા બાંધકામ મંજુરી ફી અને મકાન ટ્રાન્સફર ફીમાં ૨૦૦ ટકા વધારો કરાયો હતો. જેની સામે કલેકટરમાં અપીલ દાખલ કરાઈ હતી. જેમાં કલેકટરે પાલનપુર નગરપાલિકાનો ઠરાવ મુળ અસરથી રદ કરતો હુકમ કર્યો હતો. જેની સામે પાલિકા નગરપાલિકા નિયામક અને શહેરી વિકાસ વિભાગમાં અપીલ કરવા છતાં હારી ગઈ હતી. આમ છતાં પાલિકા ધ્વારા આજદીન સુધી કલેકટરના હુકમનું પાલન કરવામાં આવ્યું નથી. અને છેલ્લા દશ માસથી પાલિકાના ચૂંટાયેલા સદસ્યોને અંધારામાં રાખી પ્રજા સાથે દ્રોહ કરી ભાવવધારો વસુલાતો હોઈ તે ભાવવધારો તાત્કાલીક પરત કરવામાં આવે અને જુના ભાવો પ્રમાણે ફી વસુલવાની માંગ કરતી લેખિત રજુઆત પાલિકાના ઉપપ્રમુખ અમૃતભાઈ જોશીએ કરતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર પાલિકા ધ્વારા મકાન બાંધકામ મંજુરી ફી માં મીટર દીઠ રૂ. ૧૫થી વધારી રૂ.૪૫ કરવામાં આવ્યા હતા. જયારે ડીપોઝીટ ફી પણ રૂ.૨૫ થી વધારીને રૂ.૧૦૦૦ કરવામાં આવી હતી. જયારે કોમર્શીયલમાં



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બાંધકામ મંજુરી ફીમાં રૂ.૧૦૦ ને બદલે રૂ.૫૦૦નો વધારો કરાયો હતો. પાલનપુર પાલિકાએ કરેલો ભાવવધારો સમગ્ર ગુજરાતની તમામ પાલિકાઓ કરતા વધારે હોવાની આધાર-પુરાવા સાથેની રજુઆત સાથે પાલિકાના અપક્ષ નગરસેવક અમૃત જોશીએ કલેકટર સમક્ષ અપીલ કરી હતી. જેમાં તત્કાલીન કલેકટર જે.બી.વોરાએ પાલિકાનો ઠરાવ મુળ અસરથી રદ કરવાનો હુકમ કર્યો હતો. કલેકટરનો ગત તા.૨૧મી માર્ચ-૨૦૧૨નો હુકમ હોવા છતાં ૨૨મી માર્ચ-૨૦૧૨ના રોજ જનરલ બોર્ડમાં કલેકટરનો હુકમથી પાલિકાના નગરસેવકોને અજાણ રાખી ગેરકાયદેસર રીતે સરકયુલર ઠરાવ કરી નગરપાલિકાના નિયામક સમક્ષ કલેકટરના હુકમ સામે અપીલ દાખલ કરવામાં આવી હતી. જોકે, નગરપાલિકા નિયામકે પણ તા.૨૯મી માર્ચના રોજ કલેકટરના હુકમને કાયમ રાખતો હુકમ કર્યો હતો. પાલિકા નિયામકમાં હારી જવા છતાં પાલિકાએ શહેરી વિકાસમાં રીવીઝન અરજી કરી હતી. જે પણ ગત તા.ત્રીજી ઓગસ્ટ-૨૦૧૩ના રોજ ના-મંજુર થઈ હતી.

આમ, પાલિકા તમામ મોરચે હારી ગઈ હોવા છતાં કલેકટરના હુકમને અવગણી ભાવવધારો વસુલ થઈ રહ્યો છે. ત્યારે પાલિકા પ્રમુખ ધ્વારા છેલ્લા દશ માસથી કલેકટર સહીતના કોર્ટના હુકમનું પાલન કરવાને બદલે ચૂંટાયેલા સદસ્યોને અંધારામાં રાખી પ્રજા સાથે દ્રોહ કરી ગેરકાયદેસર રીતે ભાવવધારો વસુલાતો હોવાની લેખિત રજુઆત કરતા પાલિકા ઉપપ્રમુખે સત્વરે કલેકટરના હુકમનું પાલન કરાવવાની સાથે જુના ભાવો મુજબ બાંધકામ મંજુરી ફી વસુલવાની માંગ કરતા ચકચાર મચી જવા પામી હતી. જોકે, પાલિકા ઉપપ્રમુખ ધ્વારા આજદીન સુધી વસુલવામાં આવેલો ફી વધારો પરત કરવાની માંગ કરી છે. ત્યારે પાલિકાને જો કલેકટરનો હુકમ બહાલ કરવાનો થાય તો પ્રજાજનોના લાખો રૂપિયાનું રીફન્ડ પરત કરવુ પડે તેવી નોબત આવી છે. ત્યારે આ સમગ્ર પ્રકરણ ભારે વિવાદીત બની ન્યાયના દરવાજા સુધી પહોંચે તેવી શકયતાઓ વર્તાઈ રહી છે.

### બામણા-પુનાસણ ડી. એમ. બી. પી. હાઈસ્કુલનું ગૌરવ

બામણા-પુનાસણ ડી.એમ. બી.પી. હાઈસ્કુલનું ધોરણ.૧૦નું ૯૦ %પરીણામ આવેલ છે. ધોરણ.૧૨ નું ૯૮%પરીણામ આવેલ છે. ધોરણ.૧૨ સામાન્ય પ્રવાહમાં પરમાર કાજલબેન કાંતીલાલ સમગ્ર જીલ્લામાં ૮૪.૧૭ ટકા મેળવી સમગ્ર જીલ્લામાં ૭મો ક્રમ મેળવી શાળાનું ગૌરવ વધારતાં મંડળના પ્રમુખ, મંત્રી, આચાર્ય અને સ્ટાફ પરીવારે શુભેચ્છા પાઠવી હતી.

### ભિલોડામાં મોબાઈલ શોપમાં ચોરી કરનારા ચોર ઈસમો ઝડપાયા

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે આવેલ મોબાઈલ શોપમાં ચોરી કરનારા ચોર ઈસમો પોલીસ ધ્વારા ઝડપાયો છે.ચોઈસ મોબાઈલ શોપના શટરનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી અંદાજીત રૂા. ૮૪૫૦/-ના મોબાઈલ આશરે એક મહિના પહેલા પાલ-બાવળીયા ગામના ચોર ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો પરંતુ ભિલોડા પોલીસે ચોર ઈસમને ઝડપી લીધો હતો. ભિલોડા મઉં ચાર રસ્તા પાસે આવેલ રામદેવ મોબાઈલ કેરમાં ચોરી કરી ફરાર થઈ જનાર ચોર ઈસમ શૈલેષભાઈ બોદરની ધરપકડ ભિલોડા પી.એસ.આઈ. પી. એસ. પરમાર, પો.કો. દિતાજી ડામોર, રાજેન્દ્રભાઈ ડાભીએ ઈસમની ધરપકડ કરી રીમાન્ડ મંજુર કરી ભિલોડા સીવીલ કોર્ટમાં મેજીસ્ટ્રેટ સમક્ષ ચોર ઈસમોને રજુ કર્યા હતા.


વરસાદની ચાતક નજરે રાહ જોતા બનાસવાસીઓ કાળઝાળ ગરમીથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ત્યારે પાલનપુર નજીક આવેલા માલણ વિસ્તારના નાના ભૂલકાઓએ માટીના ઢુંઢીયા બાપજી બનાવી માથે મુકી શેરીએ-શેરીએ ભ્રમણ કર્યું હતું. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# સિદ્ધપુર મુકામે તાલુકા વહીવટી તંત્રની ચિંતન શિબિર યોજાશે

પાટણ, તા. ૮

પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકાના વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓની પાટણ જિલ્લા -ભારી સચિવશ્રી રાજીવકુમાર ગુપ્તાની ઉપસથિતિમાં નર્સિગ કોલેજ ઓડીટોરીયમ, સિધ્ધપુર ખાતે એક દિવસીય ચિંતન શિબિર યોજાશે. આ ચિંતન શિબિરમાં વર્ગ -૧, વર્ગ-૨ અને સુપરવાઈઝર કક્ષાના ૨૩૪ જેટલા અધિકારીઓ / કર્મચારીઓ ઉપસથિત રહેશે.

પાટણ જિલ્લા માન.-ભારી સચિવશ્રી -ાસંગિક ઉધ્બબોધન કરશે. શ્રી મૌલિક સોની મોટીવેશન અને સ્કીલ ડેવલોપમેન્ટ અંગે, ર્ડા નિશા પટેલ -ોફેસર, અર્બન અને રૂર્બન વિસ્તારમાં સર્વિસ ડીલીવરન્સ અંગે, દક્ષાબેન પટેલ, -િન્સીપાલ, ધારપુર નર્સિંગ કોલેજ, કુપોષણ મુકિત અને ન્યુટ્રીશન અંગે, સુ.શ્રી. સુધા પાંડે, એસ.પી., મહિલા સંબધિત નવા કાયદાની જાગૃતિ અંગે, નાયબ મ્યુનિસીપલ કર્મિર શ્રી પી.યુ આસ્નાની, શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સફાઈ અને પર્યાવરણ જાળવણી અંગે વ્યકતવ્યો રજુ કરશે. તધ્ઉપરાંત ગૃપ ડિસ્કશન અને શિબિરાર્થીઓના -તિભાવો પણ મેળવવામાં આવશે.

જિલ્લા કલેકટરશ્રી એચ.એન ઠકકર તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી વી.એન દેસાઈ અને જિલ્લાના અન્ય અધિકારીશ્રીઓ ઉપસથિત રહેશે.

# ગોવાના પ્રતિનિધિ મંડળે અંબાજીની શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લીધી

પાલનપુર, તા. ૮

ગોવા સરકારશ્રીના આદિજાતિ વિકાસ, રમત-ગમત તથા યુવક સાંસ્કૃતિક -વૃત્તિઓ વિભાગના મંત્રીશ્રી રમેશ તાવડકરના નેતૃત્વમાં આવેલ -તિનિધિ મંડળે -સિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે માતાજીના ભકિતભાવપૂર્વક દર્શન કર્યા હતા. આ -સંગે વહીવટદારશ્રી જી. પી. બ્રહમભટ્ટે અંબાજી તીર્થસ્થાનનો મહિમા, યાત્રીકો માટે કરાયેલ સુવિધાઓ અને વિકાસકીય વિગતો આપી હતી. આ -સંગે -તિનિધિ મંડળના અધ્યક્ષશ્રી તાવડકરે જણાવ્યું હતું કે ગુજરાત મોડેલ દેશભરમાં -સિધ્ધ થયું છે. તેમણે કહયું કે અમે ત્રણ દિવસની ગુજરાતની મુલાકાતે આવ્યા છીએ તે દરમિયાન ગુજરાત


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

મોડેલનો વ્યવસથિત અભ્યાસ કરીશુ. તેમણે ઉમેર્યુ કે ગોવામાં ગુજરાત મોડેલને અમલી બનાવી વિકાસ કરવો છે. શ્રી તાવડકરે કહયું કે શકિતપીઠમાં આવી મા અંબેના દર્શન કરી ધન્યતા અનુભવી છે. ગુજરાતમાં સહકારી ક્ષેત્ર દ્વારા દૂધ મંડળીઓ થકી ગ્રામ્ય વિસ્તારમાં આવેલ આમુલ પરિવર્તનની તેમણે -શંસા કરી હતી.

અંબાજી મુકામે -તિનિધી મંડળે આદર્શ નિવાસી શાળા તથા એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલની મુલાકાત લઈ કલાસરૂમોમાં જઈને વિધાર્થીઓ સાથે શૈક્ષણીક -વૃતિઓ વિશે ચર્ચા વિચારણા કરી હતી. શાળાના આચાર્યશ્રી તથા શિક્ષકો સાથે પણ જરૂરી ચર્ચા કરી હતી. -તિનિધી મંડળે સ્ટોન આર્ટીઝન પાર્કની મુલાકાત લઈને રોજગારલક્ષી જાણકારી મેળવી હતી. -તિનિધિ મંડળના સભ્યશ્રીઓ કે જેમાં ગોવા અનુસૂચિત જાતિ, જનજાતિના ચેરમેનશ્રી અનંત શ્રીવાસ્તવ અને અન્ય ૧૫ થી વધુ મહાનુભાવોનો સમાવેશ થાય છે.

# સાબરકાંઠા ખરીદ વેચાણ સંઘના ડિરેક્ટર પદે જગદીશભાઈ પટેલ ચૂંટાયા



વડાગામ, તા. ૮

સાબરકાંઠા જિલ્લા ખરીદ વેચાણ સંઘના તલોદ વિભાગ માટેના ડિરેક્ટરોની ચૂંટણી તાજેતરમાં યોજાઈ હતી. જેમાં વડાગામના જગદીશભાઈ પટેલનો ભવ્ય વિજય થયો હતો. આ ચૂંટણી વડાગામના અગ્રણી જગદીશભાઈ ચૂંટમી જંગમાં ઝંપલાવ્યું હતું અને પોતાના પ્રતિસ્પર્ધીને કારમો પરાજય આપી જંગી બહુમતીથી વિજયી હાંસલ કર્યો હતો. વિજેતા ઉમેદવાર જગદીશભાઈની આ સિદ્ધિ બદલ પરિવારજનો અને અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા.



પાટણ ખાતે એચ.આઈ.વી. એઈડસ અને બેટી વધાવો જનજાગૃતિ રેલીને અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ર્ડા. પી.કે. મકવાણા અને સીવીલ સર્જન ર્ડા. ભરતભાઈ ડાભીએ લીલી ઝંડી આપી -સ્થાન કરાવી હતી. પાટણ શહેરના નાગરિકોમાં એચ.આઈ.વી. એઈડસ અને બેટી વધાવોની જાગૃતિ કેળવાય તે માટે આ રેલીનું આયોજન કરવામાં આવેલ. આ રેલી જિલ્લા ક્ષય કેન્દ્રથી સિવિલ હોસ્પીટલ કેમ્પસ થઈ જીમખાના મેદાન સુધી યોજવામાં આવી હતી. આ રેલીમાં શાંન્તીનિકેતન સ્કુલ, એચ.આર.નર્સીગ કોલેજ, ધારપુર નર્સિંગ કોલેજ, ફીમેલ હેલ્થ વર્કસ, સીએમઝાલા ચેરીટેબલ ટ્રસ્ટ, આઈ.ટી.ટી.સી. સુરક્ષા કલીનીક, એમ.એસ ડબલ્યું કોલેજ, આંગણવાડી બહેનો, આરોગ્ય કાર્યકરો જોડાયા હતા.

# પાટણ જિલ્લાના ૨૧૬૪ અતિકુપોષિત બાળકોને અધિકારીઓએ દત્તક લીધા

પાટણ, તા. ૮

પાટણ, જિલ્લા કલેકટરશ્રી એચ.એન.ઠકકરના વડપણ અને સીધા માર્ગદર્શન હેઠળ ૬૮મા સ્વાતંત્ર્ય પર્વની વિશિષ્ટ ઉજવણીના ભાગરૂપે જિલ્લામાં ૨૧૬૪ બાળકોને અતિકુપોષિતમાંથી બહાર લાવવા માટે જિલ્લાના અધિકારીઓએ દત્તક લીધાં છે. આ બાળકોને ૧૫મી ઓગ્સ્ટ ૨૦૧૪ સુધીમાં અતિકુપોષિત કેટેગરીમાંથી બહાર લાવવા -યત્નો કરવામાં આવી રહયા છે.

પાટણ જિલ્લામાં ૧૪૨૬ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. ૦ થી ૫ વર્ષના ૧,૦૨,૨૪૯ બાળકો પૈકી ૨૧.૫૩ ટકા એટલે કે ૨૨,૦૨૨ જેટલા બાળકો કૃપોષિત છે. આ બાળકો આગામી ૧૦૦ દિવસમાં કૃપોષિત કેટેગરીમાં બહાર લાવવા જિલ્લા વહીવટી તંત્ર દ્રારા વિશેષ આયોજન કરી બહાર લાવવા સંકલ્પબધ બનેલ છે.

૯.૮૨ ટકા ૨૧૬૪ અતિકુપોષિત દત્તક બાળકોનો જિલ્લાના અધિકારીઓ આંગણવાડીઓમાં રૂબરૂ મુલાકાત લઈને જરૂરી સલાહ, માર્ગદર્શન તેમજ કુપોષિત બાળકોને અપાતા આહારની ગુણવત્તાની તપાસ કરશે અને સ્વચ્છતા બાબતે જરૂરી સૂચનો કરશે. આ ઉપરાંત વિશેષમાં આ બાળકોને લોકભાગીદારીથી તીથી ભોજન અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્રારા બાળકોને ફળ, દૂધ પોષણયુકત આહારની નિયમિત મળી રહે તે માટે આયોજન કરશે. જિલ્લાના અધિકારીઓ દ્રારા ફરજના ભાગ રૂપે નહી પણ સામાજિક ઉત્તારદાયીત્વ અને પૂણ્યનું કામ સમજીને સેવાનું કામ કરી રહયા છે.

# બનાસ બેંકની પપ મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

પાલનપુર, તા.૮

જિલ્લાના ખેડૂતોની સંસ્થા બનાસ બેંકની પપમી વાર્ષિક સાધારણ


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

સભા બેંકના ચેરમેન અને રાજયના આરોગ્ય પરિવાર કલ્યાણ, વાહનવ્યવહાર અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના ઓડીટોરીયમ હોલ ખાતે વિશાળ ખેડૂતો અને સભાસદોની હાજરીમાં યોજાયેલ સાધારણ સભાની શરૂઆત ચેરમેને વૃક્ષારોપણ કરીને કરી હતી. સહુ મહેમાનોની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટય કરીને સભાને ખુલ્લી મુકતાં બેંકના ચેરમેનએ બેંકની પ્રગતિને એકી અવાજે સહુએ બિરદાવી અને તેમનો ઉત્સાહ વધાર્યો તે બદલ આભાર માન્યો હતો. સાથે સાથે જણાવ્યું હતું કે બનાસ બેંકનો આટલો સર્વાંગી વિકાસ પોતાના એકલાથી નહી પણ પક્ષાપક્ષીથી પર સહુ આગેવાનોનો સહયોગ, કર્મચારીઓની પ્રમાણિકતા, નિષ્ઠા અને સભાસદોના વિશ્વાસને આભારી છે તેમ જણાવ્યું હતું અને હજુ પણ બેંકના માધ્યમથી સારું કામ થઈ શકશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો કારણ કે સહકારમાં સહુ આગેવાનો પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને સાથે મળીને સહકારી પ્રવૃત્તિને વેગ આપવા કામ કરી રહ્યા છે.

રાજય સરકારની કામગીરીની ચર્ચા કરતાં તેમણે જણાવ્યું હતું કે સરકાર માટે પ્રજાજનોમાં નવો વિશ્વાસ પેદા થયો છે. લોકોને લાગ્યુ છે કે સરકાર કહેશે તે કરશે. તેમણે સરકારની વિવિધ કામગીરી અંગે પણ સહુને વાકેફ કર્યા હતા અને જિલ્લાના મંત્રી તરીકે પ્રજાજનોના કામકાજ માટે હરહંમેશ પોતાની તત્પરતા દર્શાવી હતી. તેમણે ઉમેર્યું હતું કે આજે આપ સહુએ મારા માટે જે પ્રેમ દર્શાવ્યો છે, પોતિકાપણાનો ભાવ ઉભો કર્યો છે તેવો વ્યવહાર હું પણ કરી શકું તેવી ભગવાનને પ્રાર્થના કરું છું.

સાધારણસભામાં બેંકની પ્રગતિ અને કામગીરીનો અહેવાલ રજુ કરતા બેંકના ડીરેકટર અને પ્રસિધ્ધ ધારાશાસ્ત્રીશ્રી એમ.એલ. ચૌધરીએ બેંકની થાપણો, ધિરાણો, ભંડોળો, ખેડૂતો માટે વ્યાજના દરમાં ઘટાડો થવા છતા નફામાં વિક્રમજનક વૃધ્ધિના આંકડા વિગવતાર રજુ કર્યા હતા અને તેનો શ્રેય ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીની દર્ઘદ્રષ્ટિ બેંકનું જ્ઞાન, સંકલન મંડળનો સહયોગ અને કર્મચારીઓની પ્રતિબધ્ધતાને આપ્યો હતો. જેને સહુ સભાસદોએ તાલીઓના ગડગડાટથી વધાવી લીધો હતો. તેમણે બેંકનું હાઈવે પાલનપુર ખાતે નવીન મકાનને પાલનપુરનું નજરાણું ગણાવીને પાલનપુરની શોભા ગણાવી હતી. સાથે સાથે ગુજરાત બેંકમાં તેમની વાઈસ ચેરમેન તરીકેની કામગીરી અને ખેડૂતો માટે અમદાવાદમાં એરકન્ડીશન હોસ્ટેલ બનાવી તેની પણ જાણકારી આપી હતી. બેંકે સામાજિક દાયિત્વ તરીકે વિદ્યાર્થીઓને ચોપડા, ખેડૂતો અને કર્મચારીઓ માટે અકસ્માત વિમો વિગેરે કામગીરીની પણ જાણકારી આપી હતી. બેંકનું એન.પી.એ. '૦' છે અને બેંકનો વહીવટ પારદર્શક અને ખેડૂતોના હિતમાં થઈ રહ્યો છે તેવી ખાત્રી ઉચ્ચારી હતી.

જિલ્લા પંચાયતના પ્રમુખ રાજુભાઈ જોષી સાધારણ સભાની કામગીરીથી એટલા બધા પ્રભાવિત થઈ ગયા હતા કે તેમણે આ સાધારણ સભાને અસાધારણ સભા ગણાવી હતી અને પોતાના જીવનમાં કયારેય આવી સભા થઈ હોય તેવું સાંભળ્યું કે જોયું નથી તેમ જણાવ્યું હતું. તેમણે શંકરભાઈ અને તેમની ટીમને ખુબ ખુબ અભિનંદન



પાઠવ્યા હતા.

આ પ્રસંગે પૂર્વ મંત્રીશ્રી હરજીવનભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્યશ્રી મગનસિંહ વાઘેલા, જિલ્લા ભાજપ પ્રભારીશ્રી દુષ્યંતભાઈ પંડયા, જિલ્લા ખ.વે. સંઘના ચેરમેન બાબુભાઈ પટેલ, બેંકના ડીરેકટરશ્રી માવજીભાઈ પટેલ, શ્રી એમ.એલ. ચૌધરી, શ્રી કેશરભાઈ ચૌધરી, શ્રી રેશાભાઈ પટેલ, શ્રી બાબુભાઈ ચૌધરી, શ્રી દોલતપુરી ગોસ્વામી, શ્રી કેશરભાઈ જુડાલ, શ્રી બાબુભાઈ દેસાઈ, શ્રી અરજણભાઈ આયર, શ્રી તેજાભાઈ પટેલ, શ્રીમતી હીરાબેન પટેલ, શ્રી હિતાર્થભાઈ પટેલ, માર્કેટ સમિતિના ચેરમેનશ્રીઓ તાલુકા ખ.વે. સંઘના ચેરમેનશ્રીઓ, બેંકના પૂર્વ ડીરેકટરશ્રીઓ અને બેંકના અધિકારીઓ, કર્મચારીઓ સહિત વિવિધ સહકારી અને રાજકીય આગેવાનો તેમજ વિશાળ સંખ્યામાં બેંકના સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. બેંકના વાઈસ ચેરમેનશ્રી જીગરભાઈ દેસાઈએ સહુનો આભાર વ્યકત કર્યો હતો.

# ફોટોગ્રાફીના શોખિન માટે નેશનલ ફોટોગ્રાફી વર્કશોપ યોજાશે

પાટણ, તા. ૮

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક -વૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજય લલિતકલા અકાદમીના ઉપક્રમે નજીકના ભવિષ્યમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના તજજ્ઞોના માર્ગદર્શન હેઠળ નેશનલ ફોટોગ્રાફી વર્કશોપ ૧૮ થી ૩૫ વર્ષના યુવાનો માટે અમદાવાદ ખાતે પાંચ દિવસ માટે યોજવામાં આવનાર છે. આ વર્કશોપમાં જોડાવા ઈચ્છતા યુવા ફોટોગ્રાફરોએ સાદા કોરા કાગળ પર પોતાની અરજી તાજેતરની પસપોર્ટ સાઈઝની તસ્વીર સાથે પોતાનું નામ, ઉંમર-જન્મ તારીખ, સરનામું, ફોન નંબર, મોબાઈલ નંબર, અનુભવની વિગતો, હાલની -વૃત્તિની વિગત, ફોટોગ્રાફીમાં રસ પડવાનાં કારણો, મેળવેલ પારિષોતિકની વિગત દર્શાવીને કરવાની રહેશે. આ અરજી તા. ૨૧/૭/૨૦૧૪ સુધીમાં સચિવશ્રી, ગુજરાત રાજય લલિતકલા અકાદમી, રવિશંકર રાવલ કલા ભવન, ભાઈકાકા ભવન, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬ને મોકલી આપવાની રહેશે. પસંદગી પામનાર યુવા ફોટોગ્રાફરને પોતાના વતનથી અમદાવાદ સુધીનું આવવા-જવાનું રેલ્વેના બીજા વર્ગનું રીઝર્વેશન સાથેનું કે એસ.ટી.બસનું ભાડુ, નિવાસ- ભોજન વ્યવસ્થા પેટે દરરોજનું રૂા. ૨૦૦/-નું સ્ટાઈપેન્ડ, વિનામુલ્યે તાલિમ તેમજ -માણપત્ર આપવામાં આવશે. પસંદગી અંગેના તમામ અધિકારો લલિતકલા અકાદમી પાસે રહેશે, તેમ ગુજરાત રાજય લલિતકલા અકાદમી, અમદાવાદના સચિવશ્રીની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.




આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી




પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧